જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૮/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૨૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૬ | ૧ | ૧૦૩૫૭ | ૧૬૪૧૧ | ૫ | ૧૬૪૧૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૬ | ૦ | ૪૩૩૬ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૧૮ | ૮ | ૧૪૦૨૬ | ૧૪૫૫૧ | ૮ | ૧૪૫૫૯ |
| | કુલ | ૨૮૭૫૪ | ૯ | ૨૮૭૬૩ | ૩૭૦૨૭ | ૧૩ | ૩૭૦૪૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૯ | ૭,૯૯,૨૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૩૧ | ૪,૬૫,૫૦૦/- |

# ડુપ્લીકેટ મોબાઇલ એસેસરીઝના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## પી.સી.બી. :

## "કાગડાપીઠ પોલીસ સ્ટેશન ની હદમા આવેલ એસ.ટી.બસ સ્ટેન્ડ ગીતા મંદિર માર્કેટમા  રેઈટ કરી "એપલ" કંપની ના લોગોવાળી કુલ્લે રુપિયા ૧૩,૮૨,૦૦૦/- ની મોબાઈલ એસેસરીઝ પક્ડી પાડતી પી.સી.બી."

આજરોજ મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબની સુચનાથી પીસીબીના ઈન્ચાર્જ પો.સ.ઈ. શ્રી એ.ડી.ચાવડા નાઓ સ્ટાફના એ.એસ.આઇ. ધનરાજસિંહ માનસિંહ બ.નં.૭૧૭૨, અ.હેડ.કોન્સ.કલ્પેન્દ્રસિંહ ચંન્દ્રસિંહ, અ.હેડ.કોન્સ. ચેતનસિંહ નટવરસિંહ, અ.હેડ.કોન્સ. સુખદેવસિંહ લાખુભા,અ.હેડ.કોન્સ.મહેન્દ્ર વાસુદેવભાઇ, અ.હેડ.કોન્સ. વિજયસિંહ હિન્દુજી, અ.પો.કોન્સ. કેયુરભાઇ ધીરૂભાઇ બ.નં.૩૯૩૬ નાઓ સાથે પેટ્રોલીગમા હતા જે દરમ્યાન સ્ટાફને ન્યુ એસ.ટી. બસ સ્ટેન્ડ, ડી-બ્લોકના ત્રીજા માળે આવેલ ગીતામંદિર મોબાઇલ માર્કેટ ખાતે આવેલ (૧) કોર ટેલીકોમ (KDM) (૨) પરમેશ્વરી મોબાઇલ એસેસરીઝ (૩) શ્રી નાગ્નેચી મોબાઇલ એસેસરીઝ (૪) ભવાની મોબાઇલ એસેસરીઝ નામની દુકાનોના વેપારીઓ "એપલ" કંપનીની ઓરીજનલ એસેસરીઝ જેવીજ એપલ કંપનીની ડુપ્લીકેટ એસેસરીઝ વેચાણ કરતા હોવાની હકીક્ત મળેલ જે હકીક્તની GRIFFIN Intellectual Property Services Pvt Ltd. ના ઓથોરાઝડ ઓફિસરો દ્વારા ખરાઈ કરાવતા હકીક્ત સાચી જણાતા પંચો તથા ઉપરોક્ત કંપનીના માણસો સાથે ચારેય દુકાનોમા રેઈડ કરતા એપલ કંપનીના મોબાઈલ ફોનને લગતી ડુપ્લીકેટ મોબાઈલ એસેસરીઝ કુલ્લે રુપિયા ૧૩,૮૨,૦૦૦/ના મુદામાલ સાથે વેપારીઓ પક્ડી લઈ તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી કાગડાપીઠ પો.સ્ટે.ખાતે પાર્ટ એ ૧૧૧૯૧૦૨૫૨૦૧૦૨૯/૨૦ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ તથા ધી કોપીરાઈટ એક્ટ સન-૧૯૫૭ ની કલમ ૬૩, ૬૪, ૬૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવવામા આવેલ છે.

| | |
|---|---|
| પક્ડાયેલ ચાર વેપારીઓ | (૧) વિક્રમભાઇ પુનમારામ સુથાર રહે. ઘર.નં. ૫૦૭, સુથાર વાડો, કોટેશ્વર મહાદેવ મંદિર પાસે, ખાડીયા, અમદાવાદ શહેર. |
| | (૨) કાંતીલાલ ઉકાજી ઘાંચી રહે. મ.નં.૮૭, રાયચંદનગર, વિસત ત્રણ રસ્તા પાસે, ચાંદખેડા, અમદાવાદ શહેર |
| | (૩) ભેરારામ બગદારામ ઘાંચી રહે. લાલાભાઇની પોળ, ડેરા વાળો ખાંચો, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ શહેર |
| | (૪) શૈતાનસિંહ ઓકસિંહ રાવ રહે. મ.નં.બી/૧૧૦, જોગેશ્વરી સોસાયટી, સી.ટી.એમ. અમદાવાદ શહેર. |

<u>મુદ્દામાલ</u>

(૧) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના લાઇટીંગ કેબલ નંગ-૯૫ રૂ.૪૭,૫૦૦/-,(૨) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના સ્મોલ લાઇટીંગ કેબલ નંગ-૪૫૦ રૂ.૨,૨૫,૦૦૦/-(૩) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનની બેટરી નંગ-૭ રૂ.૧૪,૦૦૦/-, (૪) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના બ્લ્યુ ટુથ હેન્ડ સેટ નંગ-૪ રૂ.૨૦,૦૦૦/-,(૫) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના બેક કવર નંગ-૬૮૫ રૂ.૩,૪૨,૫૦૦/-,(૬) એપલ કંપનીના સિમ્બોલ વાળા એરપોડ નંગ-૧૩૭ રૂ.૬,૮૫,૦૦૦/-,(૭) એપલ કંપનીના સિમ્બોલ વાળા એરપોડના કવર નંગ-૧૫ રૂ.૭,૫૦૦/-,(૮) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના બેક ગ્લાસ નંગ-૩૭ રૂ.૧૮,૫૦૦/-,(૯) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના એડેપ્ટર નંગ-૩ રૂ.૧,૫૦૦/-, (૧૦) એપલ કંપનીના સિમ્બોલ વાળા આઇપેડના બેક કવર નંગ-૧૦ કિંમત રૂ.૫,૦૦૦/-,(૧૧) એપલ કંપનીના સિમ્બોલ વાળા મો.ફોનના લાઇટીંગ કેબલ વીથ ચાર્જર નંગ-૩૧ રૂ.૧૫,૫૦૦/- કુલ્લ <u>કિંમત રૂ.૧૩,૮૨,૦૦૦/- ની મતાનો મુદામાલ</u>

# જાહેરનામા ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## જાહેરનામાનો ભંગ કરી એક લોખંડના છરા સાથે ઇસમને પકડતી શાહીબાગ પોલીસ

મે.અધીક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબનાઓ તરફથી કલાક.૧૭/૦૦ થી કલાક.૧૯/૦૦ વાગ્યા સુધી શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકીંગ તથા ફુટ પેટ્રોલીંગનું આયોજન કરતા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સાહેબની સુચના આધારે ફુટ પેટ્રોલીંગમાં ચમનપુરા સર્કલ ખાતે સાથેના સ્ટાફના માણસો સાથે જતા એક શંકાસ્પદ ઇસમ હાજર મળી આવતા તેની અંગજડતી કરતાં સદરી ઇસમ પાસે પોતાના કબ્જામાં ગેરકાયદેસર એક લોખંડનો છરો કિ.રૂ.૦૦/૦૦ મળી આવતાં સદરી ઇસમ વિરૂધ્ધ મે.પોલીસ કમીશ્નર શ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક વિ.શા/જાહેરનામુ/એ-સેકશન/પરમીટ/૩૯/૨૦૨૦ તા.૦૫/૦૮/૨૦૨૦ નો ભંગ કરી મળી આવતા તેના વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા જીપીએક્ટ કલમ-૧૩૫ મુજબ તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક.૧૮/૫૫ વાગે પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે.

<u>આરોપીનું નામ</u> ;-આકાશભાઇ ઉર્ફે પાટણ સ/ઓ સોમાભાઇ મગનભાઇ જાતે પટણી(ભગતવાળા) ઉ.વ.૨૦ ધંધો.છુટક મજુરી રહે-બ્લોક.નં.૨૦ ચોથા માળ વિજયમીલ ઔડાના મકાન શહેર કોટડા અમદાવાદ શહેર,હાલ રહે.ચંદનનગરના છાપરા પંજાબ સોસાયટી પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર

**<u>કામગીરી કરનાર અધિ./કર્મચારી;</u>-પો.સબ.ઇન્સ.એસ.એ.દેસાઇ તથા અ.હે.કો.રોહીતસિંહ રણજીતસિંહ બ.નં.૫૬૮૨ તથા અ.હેડ.કો.ન્સ.બાબુભાઇ મુળાભાઇ બ.નં.૮૫૯૪ તથા અ.પો.કો.મુકેશભાઇ સાંકાભાઇ બ.નં.૪૯૧૧ તથા અ.લો.ર. અંકિતસિંહ મહેંદ્રસિંહ બ.નં.૧૨૪૧**



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કાલુપુર પોલીસ સ્ટેશન :

### કાલુપુર પો.સ્ટેના મોબાઇલ ચોરીના ગુનાના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી કાલુપુર પોલીસ

મે.પો.કમી.સા.શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર.શ્રી સેકટર-૧ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ નાઓની સુચનાથી અને મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "ડી" ડીવીઝન સા.તથા પોલીસ ઇન્સપેકટર આર.જી.દેસાઇ સાહેબના માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી અનડીટેક ગુન્હા શોધી કાઢવા સારુ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.બી.સરવૈયા સાહેબ તથા પ્રો.મ.સ.ઇ.કિશનભાઇ શંકરલાલ બ.નં.૧૩૫૧૫ તથા હે.કો.ધર્મેન્દ્રસિંહ દોલતસિંહ બનં-૭૮૪૨ તથા હે.કો.હિતેન્દ્રકુમાર શંકરલાલ બનં.૯૦૮૭ તથા હે.કો.ભરતકુમાર નાનજીભાઇ બનં.૫૯૭૯ તથા પો.કો.કિશોરસિંહ ગુમાનસિંહ બનં-૧૦૦૭૦ તથા પો.કો.રાહુલભાઇ મનોજભાઇ બનં-૧૦૩૦૮ તથા પો.કો.વિપુલભાઇ શંકરભાઇ બનં-૭૬૫૪ તથા પો.કો.જયપાલસિંહ અજીતસિંહ બનં-૧૧૮૨૫ તથા અ.લો.ર નરેશભાઇ બળવંતભાઇ બ.નં.૪૬૩ તથા અ.લો.ર ભરતકુમાર નરોત્તમભાઇ બ.નં.-૩૪૪ તથા અ.લો.ર ધવલ અંબારામ બ.નં.-૫૩૬૨ વિગેરે સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ૧૬/૩૦ વાગે કાલુપુર દરવાજા ખાતે આવતા સાથેના પ્રો.મ.સ.ઇ.કિશનભાઇ શંકરલાલ બ.નં.૧૩૫૧૫ તથા પો.કો.જયપાલસિંહ અજીતસિંહ બનં-૧૧૮૨૫ તથા અ.લો.ર નરેશભાઇ બળવંતભાઇ બ.નં.૪૬૩નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે કાલુપુર પો.સ્ટે-ફસ્ટ ગુરનં.૭૨/૨૦૧૯ ઇપીકો કલમ-૩૭૯ મુજબના ગુનાના કામે આરોપી મોહંમદ આરીફ ઉર્ફે છોટા કાળીયા સ/ઓફ શબ્બીરભાઇ જાતે.સિપાઇ ઉ.વ.૨૪ રહે.દિવાન સા બાવાની મસ્જીદ સામે વંડામા જુલાઇ વાડો શાહપુર અમદાવાદ શહેર નાને ઉપરોકત ગુનાના કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ સેમસંગ કંપનીનો ગેલેક્સી-જે-૬ મોડલનો જેનો IMEI નંબર (૧) ૩૫૯૨૪૫૦૯૦૨૧૯૫૪૨ તથા (૨) ૩૫૯૨૪૫૦૯૦૨૧૯૫૪૦ જેની કિરૂ.૫,૦૦૦/- ની ગણી શકાય જે ઉપરોક્ત મો.ફોન સાથે આજરોજ તા-૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે પકડી અટક કરી મો.ફોન ચોરીનો ગુન્હો શોધી કાઢેલ છે.તા.૦૭/૦૮/૨૦૨૦



**રામોલ પોલીસ સ્ટેશન :**

## રાહદારીઓ સાથે અથડાઈ તેઓની નજર ચુકવી મોબાઈલ ફોનની ચોરી કરતા ઈસમને પકડી પાડતી રામોલ પોલીસ

## ચોરીએ ગયેલ મુદ્દામાલ અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૦૨ કીમત રૂપીયા ૧૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપાયો

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૨૬/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો પ્રકાશભાઈ રઘુભાઈ બ.નં.૧૧૬૩૨ તથા પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપી રવી સ/ઓ પ્રવીણભાઈ બીપીનભાઈ સોલંકી ઉવ:૨૨ રહે:સાતચાલી નગરી મીલની સામે ગોમતીપુર અમદાવાદ શહેર ને તેના કબજા માંથી અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ:૨ કીમત રૂપીયા ૧૦૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી આરોપીની પુછપરછ દરમ્યાન ગલ્લા તલ્લા કરી કોઈ હકીકત નહી જણાતા આરોપી પાસેનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરી આરોપીને સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી આરોપીની વધુ પુછપરછ દરમ્યાન નોકીયા કંપનીનો મોબાઈલ ફોન તા:૨૪/૦૭/૨૦ ના સાંજના છયેક વાગ્યાના અરસામાં રામોલ રીંગરોડ અદાણી સર્કલ ખાતે એક રાહદારી સાથે અથડાઈ તેઓની નજર ચુકવી ચોરી કરી લીધેલ તેમજ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન તા:૨૪/૦૭/૨૦ ના રોજ સાંજના સાતેક વાગ્યાના અરસામાં રામોલ રીંગરોડ સાવન હોટલ સામે એક રાહદારી સાથે અથડાઈ તેઓની નજર ચુકવી ચોરી કરી લીધેલ હોવાનુ જણાવતા બન્ને મોબાઈલ ફોનના આઈએમઈઆઈ નંબર આધારે મોબાઈલ ફોનના માલીકને બોલાવી ઉપરોક્ત બન્ને મોબાઈલ ફોનની ચોરી બાબતે આરોપી વિરૂધ્ધ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૧૧૪૭-એ ઈપીકો કલમ ૩૭૯ મુજબ તથા ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૧૧૪૮-એ ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનોઓ દાખલ કરી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરેલ છે.



## ગોમતીપુર પોલીસ સ્ટેશન :

## રખિયાલ પોલીસ સ્ટેશન ચેઈન સ્નેચિંગનો તથા મણીનગર પોલીસ સ્ટેશન વાહન ચોરીનો ગુનો શોધી કાઢવા બાબત

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અવાર નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી સી.બી.ટંડેલ ગોમતીપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન અને સૂચના મુજબ

આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એસ.એમ.ડામોર તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસો રખીયાલ પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191018200442 IPC 379(A)(3), 114 મુજબનો ગુનો શોધવા સારૂ બે અજાણ્યા બાઇક સવાર ઇસમોની તપાસમા હતા. જેમા પો.સ.ઈ એસ.એમ.ડામોર તથા સર્વેલન્સ સ્કોડના માણસોએ ગુનાના રૂટ ઉપર આવેલ તમામ જગ્યાના સી.સી.ટી.વી ફુટેઝ ચેક કરવા સારૂ અલગ-અલગ બે ટીમો બનાવી સી.સી.ટી.વી ફુટેઝ ચેક કરેલ તે દરમ્યાન ઉપરોક્ત ગુનામા સંડોવાયેલ બંન્ને બાઇક સવાર ઈસમોના ફુટેઝ મેળવી સી.સી.ટી.વી ફુટેઝમા જણાયેલ બંન્ને ઇસમોની ઓળખ કરેલ અને તેમા બાઇક ચલાવનાર ઈસમ ગીરધર માસ્ટર કમ્પાઉન્ડ ફૈઝાન સ્કુલની બાજુમા સરસપુર ખાતે રહેતો લતીફ એહમદ મુન્નાભાઇ શેખ નાની ઓળખ થયેલ તથા પાછળ બેઠેલ ઇસમ તેનો ભાઇ વસીમ મુન્નાભાઇ શેખ નાનો હોવાની ઓળખ થયેલ. જે આધારે ઉપરોક્ત બંને ઈસમોની શોધખોળ કરવા સારૂ સર્વેલન્સ સ્કોડના તમામ કર્મચારીઓએ ટીમ વર્કથી કામ કરી આજરોજ તારીખ ૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૪/30 વાગ્યે આરોપી નં (૧) વસીમ સ/ઓ મુન્નાભાઇ ઇદ્દુભાઇ શેખ ઉ.વ.૨૫ તથા નં (૨) લતીફ અહેમદ સ/ઓ મુન્નાભાઇ ઇદ્દુભાઇ શેખ ઉ.વ ૩૧ બંને રહે મ.નં.૪૦૦/૩૩ ગીરધર માસ્ટર કમ્પાઉન્ડ ફૈઝાન સ્કુલની પાસે ગુરૂદ્વારની બાજુમાં સરસપુર અમદાવાદ શહેર નાઓને ગોમતીપુર ચાર તોળા કબ્રસ્તાન સામે આવેલ ડી-૨૩ દાવાખાના આગળથી પકડી રખીયાલ પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191018200442 IPC 379(A)(3), 114 મુજબના ગુનામા ઉપયોગમા લીધેલ એક નંબર પ્લેટ વગરની કાળા કલરની હોન્ડા સાઈન મો.સા જેનો એન્જીન નંબર JC36E77490636 તથા ચેચીસ નંબર ME4JC36KBD7170574 નો છે જેની કી.રૂ ૨૦૦૦૦/- ગણાય તે તથા એક એમ.આઈ કંપનીનો મોબાઈલ ફોન જેની કી.રૂ ૧૫૦૦/- ગણાય તે મળી કુલ્લે કી.રૂ ૨૧૫૦૦/- નો મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરેલ અને ઉપરોક્ત બંને આરોપીઓની પૂછ પરછ કરતા જણાવેલ કે આજથી બે દિવસ પહેલા રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામા તેઓ બંન્ને જણાએ ભેગા મળી મણીનગરમાં આવેલ કૃષ્ણ પાર્ક આગળ એક મોબાઇલની દુકાન

આગળથી ઉપરોક્ત મો.સાની ચોરી કરેલ હતી અને ઉપરોક્ત ચોરીમાં મેળવેલ મો.સા લઈ ગઇકાલ તારીખ ૦૬/૦૮/૨૦૨૦ ના સવારના સાડા આઠેક વાગ્યાના અરસામાં બંન્ને જણા ચેઈન સ્નેચિંગ કરવા સારૂ ફરતા હતા દરમ્યાન અજીત મીલ ચાર રસ્તા થઇ આગળ જતા હતા તે વખતે રખિયાલ સોમા ટેક્ષટાઇલ્સ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ આગળ રોડ ઉપર એક કાળા કલરની એકટીવા ઉપર જતા એક બહેનના ગળામા પહેરેલ સોનાની ચેઇન ખેચી તોડી ચોરી નાસી ગયેલ અને ચોરીમાં મેળવેલ સોનાની ચેઈન માણેક ચોકમા આવેલ કૃષ્ણ તાર વેણીવાળા નામની દુકાનમા વેચી દીઘેલ હોવાની હકીકત જણાવેલ છે

@ શોધાયેલ ગુના :

(૧) રખીયાલ પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191029200442/2020 IPC 379(A)(3), 114 મુજબ

(૨) મણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-A 11191032200622/2020 IPC 379 મુજબ

@ કામગીરી કરનાર ટીમ

(૧) સી.બી.ટંડેલ પોલીસ ઈન્સ્પેક્ટર ગોમતીપુર પોલીસ સ્ટેશન (માર્ગ દર્શન અને સૂચના)

(૨) એસ.એમ.ડામોર પો.સબ.ઈન્સ સર્વેલન્સ સ્કોડ ગોમતીપુર પોલીસ સ્ટેશન (આરોપીઓ તથા મુદામાલ હસ્તગત કરનાર)

અલગ અલગ બે ટીમ બનાવી ગુનાના રૂટ ઉપર આવેલ તમામ સી.સી.ટી.વી ફૂટેઝ મેળવી ફૂટેઝ આધારે આરોપીઓની ઓળખ કરી આરોપીઓ તથા મુદામાલ હસ્તગત કરવામાં મદદ કરનાર માણસો

(૩) હેકો વિક્રમસિંહ રઘજીભાઇ બ.નં.૬૦૩૬

(૪) પોકો જયેશભાઇ ગોવાભાઇ બ.નં.૮૪૬૧

(૫) પોકો ભરતસિંહ મનુભાઇ બ.નં.૯૯૭૬

(૬) પોકો ભગીરથસિંહ વિક્રમસિંહ બ.નં.૧૩૦૮૭

(૭) પોકો પ્રકાશભાઇ બાબુભાઇ બ.નં.૮૩૫૨

(૮) પોકો દિનેશભાઇ ગેમરભાઇ બ.નં.૪૦૦

(૯) લો.ર. સૈફલખાન રસીદખાન બ.નં.૧૧૭૦૯

(૧૦) લો.ર હર્ષદભાઇ નગીનભાઇ બ.નં.૧૨૬૪૯

# "શી ટીમની કામગીરીની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :

## "ગુમ થયેલ મહીલાને શોધી કાઢીતી નરોડા "શી" ટીમ"

ગઇ તા.૦૫/૦૮/૨૦૨૦ના રોજ નરોડા પો. સ્ટે. ના પી.એસ.ઓ.નાઓને ''વન સ્ટોપ ક્રીસીસ'' મહીલા સેન્ટર મહેસાણાનાઓનો ફોન આવતા જણાવેલ કે કોઇ એક બેન નામે દિપ્તીબેન લાલજીભાઇનાઓ અહી મળી આવેલ છે જેઓ પોતે નરોડાના હોવાનુ જણાવે છે જે બાબતે નરોડા ''શી'' ટીમને પો. ઇન્સ. સાહેબે અમોને પુરૂ સરનામુ જાણી આ બાબતે તપાસ કરવા જણાવતા ''શી'' ટીમે આ ગુમ થનાર બેનનુ સરનામુ જાણી તેમના પતીને આ બાબતે જાણ કરતા ગુમ થનાર બેન અસ્થિર મગજના હોય ગઇ તા.૦૩/૦૮/૨૦૨૦ ના રોજ થી ઘરેથી ક્યાંક નીકળી ગયેલ છે, અને અમો એમની તપાસ કરી રહ્યા છીએ. જે જાણ ગુમ થનાર બહેન આ લાલજીભાઇ ધોકીયાના પત્ની હોય અમારી ''શી'' ટીમના પોલીસ સાથે મહેસાણા ''વન સ્ટોપ ક્રીસીસ'' સેન્ટરમાંથી મેળવી તેમના પરીવાર સાથે મેળવી સારી કામગીરી કરેલ છે. .તા.૦૭/૦૮/૨૦૨૦

કામગીરી કરનાર કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી એસ.એમ.ઠાકોર તથા ''શી '' ટીમના કર્મચારીઓ



## આનંદનગર પોલીસ સ્ટેશન :

આનંદનગર પો.સ્ટે. ખાતે ગઇ તા ૦૨/૦૭/૨૦૨૦ મળી આવેલ મહીલા નામે સોનલ ઉર્ફે ગીતા ડો/ઓ લાલાભાઇ હીમતભાઈ જાતે ઠાકોર (કોળી) નાઓને તેના પરિવારની તપાસ કરીને ગામ ગોલાસણ,તા હળવદ, જી મોરબી ખાતે શી ટીમ દ્વારા સલામત તેના પરીવારના સભ્યને સોપેલ.



# પાસા અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન :

**(૧)**

## શરીર સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ ધકેલતી ખોખરા પોલીસ

મે. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઇ ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓએ પાસા તડીપાર આરોપીઓને પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વાય.એસ.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ આર.એન.ચુડાસમા તથા અ.હે.કો. ભરતસિંહ પરશોત્તમભાઇ બ.નં.૭૦૩૭ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૦૩૫ તથા પો.કો નિકુંજભાઇ જયકિશન બ.નં.૬૩૮૧ તથા પો.કો. મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો. મહેશભાઇ ગોરધનભાઇ તથા પો.કો નિકુંજભાઇ જયકિશન બ.નં.૬૩૮૧ નાઓની સંયુક્ત બાતમી આધારે અત્રેના પો.સ્ટેના શરીર સંબંધી ગુનાના કામે પાસા અટકાયતી **બ્રિજેશ ઉર્ફે ભીંડી સ/ઓ બલીરામ ઉર્ફે બબલુભાઈ જાતે કુશવાહ ઉ.વ.૨૨ રહે.એ/૧૨૫ નીલગીરી સોસાયટી,કાશીબા હોસ્પિટલની બાજુમાં વટવા વિભાગ-૧ અમદાવાદ શહેર**નાઓને અનુપમ સિનેમા પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મ્હે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નં. તથા પીસીબી/ ડીટીએન/ પાસા/ ૬૨૫/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ ની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે કેદ રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.



## (૨)

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ ધકેલતી ખોખરા પોલીસ

મે. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઇ ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓએ પાસા તડીપાર આરોપીઓને પકડવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વાય.એસ.ગામીત સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ મહહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા પી.સી.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા લો.ર.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૬૮ નાઓ પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પી.સી.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા લો.ર.સંજયભાઇ મેહુરભાઇ બ.નં.૯૬૮ નાઓની સંયુક્ત બાતમી આધારે અત્રેના પો.સ્ટેના પ્રોહીબિશનના ગુનાના કામે પાસા અટકાયતી **આલ્વીસ ઉર્ફે ચીંટુ હબીબભાઇ જાતે ક્રિશ્યન ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે.મ.નં એ/૧ ઇશ્વર કૃપા ફ્લેટ સિધ્ધેશ્વર સોસાયટીની બાજુમા ખોખરા અમદાવાદ શહેર** નાઓને ઇશ્વરકુપા ચાર રસ્તા પાસેથી પકડી અત્રેના પો.સ્ટે લાવી મ્હે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નં. તથા પીસીબી/ ડીટીએન/ પાસા/ ૬૨૫/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ ની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે કેદ રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.



## રાણીપ પોલીસ સ્ટેશનઃ-

# મિલ્કત સબંધી ગુના આચરતા આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ .અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલાનાઓ દ્વારા દાખલ થયેલ મિલકત સબંધી ગુના (૧) સોલા હાઇકોર્ટ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૧૧૬/૧૯ ઇપીકો. કલમ ૪૫૭,૩૮૦ મુજબ તથા (૨) રાણીપ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં-૫૭/૧૯ ઇપીકો. કલમ ૪૫૭,૩૮૦ મુજબના કામે પકડાયેલ આરોપી રવિ સ/ઓ ચંદુભાઇ દેવાભાઇ જાતે મકવાણા ઉ.વ. ૩૦ રહે:- સોમાભાઇના મકાન મા ભાડેથી ,રબારીવાસ ,શકિત સ્કુલ ની પાસે ,ચાંદલોડીયા તળાવ પાસે ,ચાંદ્લોડીયા ,અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ મા પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા પોલીસ કમીશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૨૪/૨૦૨૦ તા.૦૭/૦૮/૨૦૨૦ રોજથી હુકમ કરતા સદર આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી તારીખ:-૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા અટકાયતના હુકમની બજવણી કરી આરોપીને સુરત લાજપોર જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪

(૨) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬

આરોપી રવિ સ/ઓ ચંદુભાઇ



## નરોડા પોલીસ સ્ટેશનઃ-

## પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

**(૧)**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૧૯૬૫/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી ૬૫(ઇ) ૮૧ ૯૮(૨) મુજબ ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૨૮/૨૦૨૦ તા-૦૭/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

આરોપીનુ નામ -

"ભરતભાઇ કાળીદાસ પટણી ઉ.વ.૫૫ રહે: સંજોગનગરના છાપરા રામેશ્વર બ્રીજની નીચે મેઘાણીનગર અમદાવાદ શહેર



**(૨)**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૫૧૩૯/૧૯ તથા (૨) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૨૬૭/૧૯ તથા (૩) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૩૯૬/૧૯ તથા (૪) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૬૭/૨૦ તથા (૫) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૮૨/૨૦ તથા (૬) નરોડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૧૯૭૨/૨૦ મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૩/૨૦૨૦ તા-૦૭/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૦૭/૦૮/૨૦૨૦

<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

<u>આરોપીનુ નામ -</u>

"રાજેશ ઉર્ફે રાજુ બચુભાઇ ચૌહાણ ઉ.વ.૩૭ રહે.સંતોષીનગરના છાપરા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર



**શાહપુર પોલીસ સ્ટેશનઃ-**

**પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક **PCB/DTN/પાસા/૬૨૦/૨૦૨૦** તા.૦૭/૦૮/૨૦૨૦ હુકમ આધારે **સાગર ઉર્ફે બિછુ કિશનભાઇ ચુનારા ઉવ.૩૨ રહે. એમ.જી.સોડા કમ્પાઉન્ડ રેટીયાવાડી બસ સ્ટેન્ડની પાછળ શાહપુર અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૬/૩૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૦૭/૦૮/૨૦૨૦

**(૨)**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક **PCB/DTN/પાસા/૬૨૧/૨૦૨૦** તા.૦૭/૦૮/૨૦૨૦ હુકમ આધારે **મીનાક્ષી ઉર્ફે ભુરી ઉપેન્દ્રભાઇ દાતણીયા ઉવ.૫૫ રહે. બકરા પોળ રેટીયાવાડી બસ સ્ટેન્ડની પાછળ શાહપુર અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૬/૪૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૦૭/૦૮/૨૦૨૦

**(૩)**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક **PCB/DTN/પાસા/૬૨૨/૨૦૨૦** તા.૦૭/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી **મેનાબેન ઉર્ફે બેબલી કિશનભાઈ ચુનારા ઉવ.૫૫ રહે.બકરાપોળ સોડા કંમ્પાઉન્ડ રેટીયાવાડી બસ સ્ટેન્ડની પાછળ શાહપુર અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે તા.૦૭/૦૮/૨૦૨૦

**(૪)**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંક- **PCB/DTN/પાસા/૬૨૩/૨૦૨૦** તા.૦૭/૦૮/૨૦૨૦ હુકમ આધારે **પિન્કીબેન પ્રકાશભાઈ દંતાણી ઉવ.૩૬ રહે.સોડા ફેકટરી બકરાપોળ રેટીયાવાડી શાહપુર અમદાવાદ શહેર** નાઓ વિરૂધ્ધમાં દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનામાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય સદરી આરોપીને આજરોજ તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૧૫ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી "લાજપોર સુરત" જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૬૦૧ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૯ કેસ કરી ૬૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૯,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૨૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૦/૨૦૨૦**

**સાબરમતીઃ** પિનાકીન રમેશચંદ્ર પરમાર (ઉ.વ.૩૫) (રહે. વિરમાયાનગર સોસાયટી સીવીલ હોસ્પિટલ પાછળ શાહીબાગ) એ તા.૦૭/૦૮/૨૦૨૦ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ આરોપી નીરજ પ્રવિણભાઇ રામી (રહે. દેવરાજ રેસીડેન્સી નિકોલ નરોડા રોડ) એ શાહપુર વિસ્તારના આશરે ૯૦ કસ્ટમરના મહીલા ગ્રુપ લોનના માહે જાન્યુઆરી/૨૦૨૦ તથા ફેબ્રુઆરી/૨૦૨૦ ના હપ્તાના રૂપિયા ૧,૮૦,૨૪૭/- ઉઘરાવી લઇ સાબરમતી ન્યુ રાણીપ ઓફીસે કંપનીમાં નહી ભરતા કંપનીના ઉપરી અધિકારીઓને અવાર નવાર કહેતા પૈકી રૂપિયા ૧,૧૮,૦૦૦/- કંપનીમા જમા કરાવી બાકીના નીકળતા રૂપિયા ૬૨,૨૪૭/- કંપનીમા જમા નહી કરાવી કંપની તથા કસ્ટમરો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.દેસાઇ ચલાવે છે.

**કાલુપુરઃ** જોગસિંગ નારાયણસિંગ રાજપુરોહીત (ઉ.વ.૪૫) (રહે. હેમલ એપાર્ટમેન્ટ નહેરૂપાર્ક ગાર્ડન સામે વસ્ત્રાપુર તળાવ) એ તા.૦૭/૦૮/૨૦૨૦ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૦૧/૦૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) પ્રેમસિંગ રાજપુરોહીત (૨) રાજેન્દ્રસિંગ પ્રેમસિંગ રાજપુરોહીત (બન્ને રહે. સી/૩૦૨, પુષ્કરહીલ-૧, ગુરૂદ્વારા પાસે, ઓઢવ તળાવ સામે ઓઢવ) ભેગા મળી કાલુપુર રેવડીબજાર હરીઓમ માર્કેટ સામે ન્યુ જેકોર માર્કેટમાં પહેલા માળે દુકાન નંબર-૧૪૦ “વિધાતા ટેક્ષ્ટાઇલ” નામની દુકાન ખાતેથી જોગસિંગ રાજપુરોહીત પાસેથી લેડીઝ કુર્તી તથા ડ્રેસ મટીરીયલ્સનો માલ કિમત રૂપિયા ૮,૭૨,૩૬૪/- ઉધારીમાં ખરીદ કરી તે પૈકી રૂપિયા ૪,૪૪,૦૪૬/- ચુકવી ત્યારબાદ બાકી નીકળતા રૂપિયા ૪,૨૮,૩૧૮/- આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એસ.મછાર ચલાવે છે.

**કાગડાપીઠઃ** સતિષકુમાર સજ્જનકુમાર જૈન (ઉ.વ.૫૦) (રહે. ગોકુલનગર આદિનાથનગર ઓઢવ) એ તા.૦૭/૦૮/૨૦૨૦ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૦ તથા તા.૨૭/૦૭/૨૦૨૦ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે સતિષકુમાર જૈન રાયપુર દરવાજા મહિપતરામ રૂપરામ આશ્રમ પાસે આવેલ બેન્ક ઓફ બરોડા બેંકના એટીએમ મશીનમાં પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે ત્યા હાજર એક પુરૂષે મદદ કરવાનુ કહી સતિષકુમાર જૈનના એટીએમ કાર્ડનો પાસવર્ડ જાની લઈ એટીએમ કાર્ડ બદલી લઈ કુલ રૂપિયા ૧૫,૦૦૦/- ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.ગોહિલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૧/૨૦૨૦**

**રાણીપઃ** અશોકભાઇ અંગદભાઇ રાઠોડ (રહે. ચંન્દ્રલોક સોસાયટી અક્ષરધામ ફ્લેટની બાજુમાં નિર્ણયનગર રોડ રાણીપ) એ તા.૦૬/૦૮/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગે સોસાયટીના કોમન પ્લોટના પાર્કીંગમાં પોતાની સ્કોર્પિયો ગાડી નંબર જીજે ૦૧ એચવી ૬૮૨૬ કિમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૭/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અશોકભાઈ રાઠોડે તા.૦૭/૦૮/૨૦૨૦ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.કે.એન.સોલંકી ચલાવે છે.

**ભુલથી ઝેરી દવા પી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૩૨/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** જાગૃતી ઉર્ફે કાજલ વા/ઓ ધનજીભાઇ પરમાર (ઉ.વ.૨૦) (રહે. રામબાગ ઔડાના મકાનમાં ચાંદલોડીયા) માનસીક બીમાર હોય દવા ચાલતી હોઈ તા.૦૭/૦૮/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી ઝેરી દવા પી જતા દવાની અસર થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૩૩/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** ભુપેન્દ્રભાઇ ઉર્ફે લાલો પ્રેમજીભાઇ (ઉ.વ.૩૬) (રહે. જુના ગોતા હાઉસિંગ રાધાકૃષ્ણા મંદીર પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** અજીજ યાસીનભાઈ મન્સુરી (ઉ.વ.૨૮) (રહે. માલીવાડ અકબરી બાગ ખજુરી મસ્જીદ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે ઘાટ નંબર-૮ નજીક નદીના પાણીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ સબુરભાઈ ચલાવે છે.

**માધવપુરાઃ** અમીતભાઇ સ/ઓ ગુણવંતભાઇ શાહ (ઉ.વ.૪૨) (રહે. મનાલી એપાર્ટમેન્ટ શાહીબાગ) એ તા.૦૯/૦૭/૨૦ ના રોજ પોતાના પિતાનુ અવસાન થતા ડીપ્રેશનમાં આવી તા.૨૨/૦૭/૨૦ રાતના ૯/30 વાગે રહેણાંકના પાર્કિંગમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૮/૨૦ બપોરના 3/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાંતિલાલ ચલાવે છે.

**વાસણાઃ** પુજા ઉર્ફે હની ડૉ/ઓ કલ્પેશભાઈ ઠાકોર (ઉ.વ.૧૬) (રહે. પરબડીવાસ ગોવિંદભાઈનો વાડો જૈન દેરાસર પાછળ વાસણા ગામ વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

**એલીસબ્રીજઃ** વિનુભાઇ બાબુભાઇ ચાવડા (ઉ.વ.૫૫) (રહે. આંબેડકર કોલોની આંબાવાડી એલીસબ્રીજ) એ ધંધો રોજગાર ન મળતા આર્થિક સંકડામણને લીધે તા.૧૧/૦૭/૨૦૨૦ ના રોજ પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૮/૨૦૨૦ ના કલાક ૧૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદભાઇ બાબુભાઇ ચલાવે છે.

**નારોલઃ** અજયવિરસિંધ સુગ્રીવસિંધ ચૌધરી (ઉ.વ.૪૪) (રહે. ઓમ શાંતિનગર-૨ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૮/૨૦૨૦ બપોરના ૪/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી